# નોર્થ કોરિયાએ બંધારણ બદલ્યુ, કીમ જોંગની હત્યા થશે તો પરમાણું હુમલો કરીશું


અમેરિકા અને ઇઝરાયલની લશ્કરી કાર્યવાહી બાદ ઈરાનમાં જે કંઈ ચાલી રહ્યું છે, તેના પર ઉત્તર કોરિયાના શાસક કિમ જોંગ-ઉન ચાંપતી નજર રાખી રહ્યા છે. ઉત્તર કોરિયાએ ઈરાન ઉપરના હુમલાઓને તાકીદે વખોડીને તેને અન્યાયી આક્રમક યુદ્ધ ગણાવ્યું હતું. ઉત્તર કોરિયાની તાત્કાલિક પ્રતિક્રિયા આવવા પાછળ પણ કારણ રહેલું છે. પ્યોંગયાંગ અને તહેરાન 1979થી અમેરિકા વિરોધી મોરચે ગાઢ ગઠબંધન ધરાવે છે અને તેને પગલે, બંને દેશોએ મિસાઇલના વિકાસમાં ભાગીદારી કરી છે. વળી, ઉત્તર કોરિયાના એક ભૂતપૂર્વ રાજદ્વારીએ બીબીસી સાથેની વાતચીત દરમિયાન નામ ન જણાવવાની શરતે કહ્યું હતું કે, ઈરાન ઉત્તર કોરિયન શસ્ત્રોની નિકાસો માટેનું મુખ્ય બજાર પણ છે. જોકે, વિશ્લેષકો નોંધે છે કે, બે પરિબળો ઉત્તર કોરિયાને ઈરાન કરતાં વધુ લાભકારક સ્થિતિમાં લાવી મૂકે છે, અને તે છે પરમાણુ શસ્ત્રો અને ચીન. 2003ના ઇરાક યુદ્ધ દરમિયાન, તત્કાલીન નેતા, સ્વર્ગીય કિમ જોંગ-ઇલ 50 દિવસ માટે ગાયબ થઈ ગયા હતા. દક્ષિણ કોરિયાની ગુપ્તચર એજન્સીના જણાવ્યા પ્રમાણે, તેમણે મોટાભાગનો સમય રાજધાનીથી 600 કિલોમીટરના અંતરે સામજીયોન કમ્પાઉન્ડની અંદર આવેલા એક બંકરમાં છૂપાઈને વીતાવ્યો હતો. તેનાથી ઉલટું, તેમના પુત્ર કિમ જોંગ-ઉને ઈરાનના સુપ્રીમ લીડર અલી ખામેનેઈનું હુમલામાં મોત નીપજ્યા પછી પણ જાહેર જીવનમાંથી પીછેહઠ નથી કરી. આવી અલગ પ્રકારની પ્રતિક્રિયા એક રીતે ઉત્તર કોરિયાનો તેની પોતાની શક્તિ પ્રત્યે વધેલો વિશ્વાસ છતો કરે છે, એમ દક્ષિણ કોરિયાની નેશનલ ઇન્ટેલિજન્સ સર્વિસ ખાતે ઉત્તર કોરિયાની વિશ્લેષણ ટીમના ભૂતપૂર્વ ડિરેક્ટર જાંગ યોંગ-સોકે જણાવ્યું હતું. ઉત્તર કોરિયા એક વાસ્તવિક પરમાણુ સંપન્ન રાષ્ટ્ર છે. વાસ્તવમાં, અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ 2025માં કહ્યું હતું કે, તે ઘણાં પરમાણુ શસ્ત્રો ધરાવનારી પરમાણુ શક્તિ છે.સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (એસઆઇપીઆરઆઇ)ના 2025ના અભ્યાસ મુજબ, ઉત્તર કોરિયા આશરે 50 પરમાણુ વૉરહેડ્ઝ તથા બીજાં 40 વૉરહેડ્ઝ તૈયાર કરી શકાય, તેટલી વિનાશક સામગ્રી એકઠી કરી ચૂક્યું છે. જુલાઈ, 2024માં દક્ષિણ કોરિયાએ ચેતવણી ઉચ્ચારી હતી કે, તેનો ઉત્તર તરફનો પાડોશી દેશ ટૂંકી રેન્જ ધરાવતું અને યુદ્ધભૂમિમાં ઉપયોગી એવું વ્યૂહાત્મક પરમાણુ શસ્ત્ર વિકસાવવાના અંતિમ તબક્કામાં છે. ગયા વર્ષે દક્ષિણ કોરિયાના પ્રમુખ લી જે મ્યુંગે પણ દાવો કર્યો હતો કે, ઉત્તર કોરિયાનું શાસન અમેરિકા ઉપર પરમાણુ હુમલો કરવા માટે સક્ષમ આંતરખંડીય બેલિસ્ટિક મિસાઇલ વિકસાવવાની વેતરણમાં છે, જોકે, તે મિસાઇલની ગાઇડન્સ સિસ્ટમ તેમજ વાતાવરણમાં પુનઃ પ્રવેશ દરમિયાન વૉરહેડને સુરક્ષિત રાખવાની ક્ષમતાને લઈને શંકા પ્રવર્તે છે. યુનાઇટેડ નેશન્સની ઇન્ટરનેશનલ એટમિક એનર્જી એજન્સી (આઇએઇએ)એ જણાવ્યું હતું કે, ઈરાન ઘણો વિશાળ અને મહત્ત્વાકાંક્ષી પરમાણુ કાર્યક્રમ ધરાવતું હતું, પણ પરમાણુ શસ્ત્રોનાં ઉત્પાદન માટેનો માળખાગત કાર્યક્રમ મોજૂદ હોવાના કોઈ પુરાવા એજન્સીને મળ્યા નહોતા. 2015માં ઐતિહાસિક પરમાણુ કરાર કર્યા બાદ, ઈરાન તેના યુરેનિયમ સંવર્ધનના કાર્યક્રમ ઉપર ઉમેરારૂપ નિયંત્રણો લાદવા માટે સંમત થયું હતું. ઉત્તર કોરિયાએ તેના બંધારણ અને પરમાણુ નીતિમાં મોટો ફેરફાર કરીને નવી જોગવાઈ ઉમેરી છે. હવે જો દેશના સુપ્રીમ લીડર કિમ જોંગ-ઉન (Kim Jong-un)ની હત્યા થાય છે અથવા કોઈ વિદેશી હુમલા દરમિયાન તેઓ નેતૃત્વ કરવાની સ્થિતિમાં ન હોય, તો ઉત્તર કોરિયા તરત જ પરમાણુ હુમલો કરશે. બ્રિટિશ અખબાર ધ ટેલિગ્રાફના અહેવાલ મુજબ, આ ફેરફાર માર્ચમાં તેહરાન પર અમેરિકા અને ઇઝરાયેલના હુમલાઓ પછી કરવામાં આવ્યો હતો. આ હુમલાઓમાં ઇરાનના સુપ્રીમ લીડર અલી ખામેની અને ઘણા વરિષ્ઠ ઇરાની અધિકારીઓના મોત થયા હતા. દક્ષિણ કોરિયાની ગુપ્તચર એજન્સી અનુસાર, આ હુમલાઓએ પ્યોંગયાંગને વિચારવા મજબૂર કર્યા અને ઉત્તર કોરિયાને ડર સતાવવા લાગ્યો કે ભવિષ્યમાં આવો 'ડિકેપિટેશન સ્ટ્રાઈક' એટલે કે ટોચના નેતૃત્વને ખતમ કરતો હુમલો તેની વિરુદ્ધ પણ થઈ શકે છે. આ નવી જોગવાઈ 22 માર્ચે પ્યોંગયાંગમાં શરૂ થયેલા 15મી સુપ્રીમ પીપલ્સ એસેમ્બલીના પ્રથમ સત્ર દરમિયાન અપનાવવામાં આવી હતી. બાદમાં દક્ષિણ કોરિયાની નેશનલ ઇન્ટેલિજન્સ સર્વિસે વરિષ્ઠ સરકારી અધિકારીઓને આ ફેરફાર વિશે જાણ કરી. આ બંધારણ બદલીને નોર્થ કોરિયા દુનિયાને ખાસ કરીને અમેરિકાને સંદેશ આપવા માંગે છે કે નોર્થ કોરિયાને વેનેઝુએલા, ઇરાન કે ક્યુબા સમજવાની ભૂલ નહીં કરે. જો આવું કઇ પણ થાય તો પરમાણું શસ્ત્રોનો ઉપયોગ દુનિયામાં ફરી થશે તે નક્કી જ છે.

# રસપ્રદ, ઉત્તેજક 'શબ્દમૂળની શોધ'

જિંદગીના વ્યવહારમાં પડીએ એટલે બોલવાનું થાય. ('બોલવાનું થાય' એટલે ઝઘડવાનું, વઢવાનું થાય એમ નહીં) તમે જેમની વચ્ચે વસતાં હો તેમના બોલવામાંથી તમારા બોલવાનું શોધી લો છો. તમે ગામડાંમાં છો, ખેતી કરતું કુટુંબ અને ગામ છે. સાથે ઢોરો પાળો છો તો તેમાંથી તમે અભિવ્યક્તિની ભાષા મેળવશો. તમે શહેરમાં હો, તમારો પરિવાર સરકારી નોકરીમાં હોય યા વકીલ હોય કે ડોક્ટર હોય કે શિક્ષક હોય તો તેમાંથી અને તમે જે સ્કૂલ-કોલેજમાં ભણ્યાં ત્યાંથી, તમારી જ્ઞાતિ-સમાજમાંથી અને આમ અનેક રીતે તમારી ભાષા ઘડાશે. બધાં જ ગુજરાતી બોલનારાં કોઈ એક ગુજરાતી બોલતાં નથી. વલસાડ-નવસારીથી ચાલવાનું શરૂ કરી (અરે ભાઈ, તમારે વાહનમાં જવું હોય તો તેમાં જાવ. ટ્રેન પકડો, બસ પકડો.. અમે ક્યાં ના પાડી?) અમદાવાદ, સૌરાષ્ટ્ર થઈ કચ્છ જશો તો તમે અનુભવશો કે ગુજરાતી ગુજરાતી જ રહી પણ તેમાં અનેક શબ્દો ઉમેરાયા અને બાદ થયા. બોલવાના લહેકા બદલાયા અને એવું બધું.

તો એક છે હેમન્ત દવે અને તેમની સાથે છે તેમના મોટાભાઈ સુહાગ દવે. બંને ભાષામાં બોલાતા શબ્દોમાં ઊંડો રસ ધરાવે છે. રસ વળી શું, તેનાથી આગળ જઈ કહો તો શબ્દો ખોદવાનું મશીન લઈને ફરે છે અને 'શબ્દમૂળની શોધ' કરે છે. હેમન્તભાઈ તો સાવ જુવાન છે પણ લાગે છે કે હરિવલ્લભ ભાયાણીનો આત્મા લઈને ફરે છે. શબ્દમૂળની શોધ ચન્દ્રકાન્ત ટોપીવાળા કહે છે તેમ સજ્જ ભાષાચેતનાનું વિરલ કહી શકાય તેવું કામ છે. આ કામ કરવા અનિવાર્યપણે બહુશ્રુત બનવું પડે અને ભાષાવિશ્લેષણ, શબ્દવ્યુત્પત્તિની દૃષ્ટિ રાખવી પડે. પણ શબ્દમૂળની શોધનું કામ માંહી પડ્યા તે મહાસુખ માણે તેવું છે.

તમે જે બોલો છો તેમાં જે શબ્દો વાપરો છો તે ક્યાંથી આવ્યા ને કઈ રીતે તમારા વપરાશમાં આવી પડ્યા તેની તમનેય ખબર નહીં પડે. પણ શબ્દમૂળની શોધ કરો તો ખબર પડે કે તે તો ગ્રીકમાંથી, ઈરાનમાંથી, અરબસ્તાનમાંથી, અફઘાનિસ્તાનમાંથી આવ્યા છે. એને લાવનારાં તમારાં જ વડવાઓનું જૂથ હોઈ શકે. અરે, તે પોતે જ ત્યાંના કોઈ દેશના હોઈ શકે અને અહીં રહી ગુજરાતી થતાં ગયાં, થતાં ગયાં તો એવા થયા કે પહેરવેશ બદલાયા, ખાણી-પીણી બદલાઈ ગઈ, ધંધા-વ્યાપાર બદલાયા અને એમ કરતાં ધર્મ પણ બદલાયા અને જોતજોતામાં અપ-ટુ-ડેટ ગુજરાતી બની બેઠા. એમ કરવામાં તમે મૂળ શબ્દને રગદોળી, ખંખોળી અહીંની ઉચ્ચારપ્રણાલી મુજબ બદલી કાઢયો. જેમ કે 'ચબરખી' શબ્દ છે. એ મૂળ ફારસી શબ્દ 'ચરબક' પરથી ઊતર્યો છે ને 'ચબરક', 'ચબરખ' કરતાં 'ચબરખી' બની ગયો. તો 'કલમ' શબ્દ મૂળ ગ્રીક 'કલેમા' પરથી ઊતર્યો છે. કલમને આપણે 'લેખણ', 'દસ્કત', 'ચિત્રકારની પીંછી' વગેરેથી પણ શબ્દફેરે અને કાર્યભેદે ઓળખીએ છીએ. હેમન્તભાઈ આ શબ્દના મૂળમાં ઊતરે ત્યારે સંસ્કૃત શબ્દ 'શતમ' પાસે પણ જાય છે. ગ્રીક-લેટિનમાં 'ક્', હોય ત્યાં સંસ્કૃતમાં 'શ હોય ને એમ 'શ' અને 'ક'થી ધીમે રહી કલમ સુધી પહોંચ્યા. પણ કલમ એટલે કલમ જ નહીં કારણ કે આપણે



**પુસ્તકઃ** શબ્દમૂળની શોધમાં
**લેખકોઃ** હેમન્ત દવે- સુહાગ દવે
**પ્રકાશક-** ગુજરાતી સાહિત્ય પરિષદ, નદી કિનારે, આશ્રમ માર્ગ, અમદાવાદ-380009
**મૂલ્યઃ** રૂ. 650/-

તો આંબાની અને ચીકુની કલમ પણ જાણીએ છીએ અને 'કલમ કરવી' ક્રિયાપદ પ્રયોજીએ છીએ.

કહેવાની વાત એટલી જ કે 'શબ્દમૂળની શોધ' પુસ્તકમાં સૌથી વધુ શબ્દોના મૂળની શોધને રસિક રીતે વર્ણવાયેલી છે. વાંચો તો દંગ રહી જાઓ ને 'હેં' જેવા આશ્ચર્યસૂચક ઉદ્ગાર કરી બેસો. પણ દરેક શબ્દની વ્યુત્પત્તિ કરી શકાતી નથી. 'બિંદાસ' શબ્દ મૂળમાં બિનધાસ્ત છે. ત્યાં હેમન્તભાઈ મઝાની ટિપ્પણ કરે છે અને તે લોકપ્રચલિત વ્યુત્પત્તિ વિશે છે. 'લોકપ્રચલિત વ્યુત્પત્તિ એટલે શાસ્ત્રની કશી જ સમજણ વિના કે પરવા કર્યા વિના આડેધડ સૂચવાતી વ્યુત્પત્તિ. પછી તેઓ ઉમેરે છે કે 'બ્રહ્મા' ઉપરથી' 'અબ્રાહમ' યા 'ક્ષણ' ઉપરથી 'સેકન્ડ' શબ્દ આવ્યો તેવી અટકળો નિરાધાર છે. તેઓ 'બિન' અને 'દાસ્ત' ના રસ્તે ચડે છે. 'બિન' શબ્દ સંસ્કૃતિના 'વિના' ઉપરથી ઊતરી આવેલો પૂર્વગ છે. 'વિના' પરથી 'વણ' થયો. ('વણલખ્યું') અને 'દાશ્ત' નો અર્થ થાય દેખભાળ કરવી, ઉછેરવું, રાખવું. 'બિન્દાસ' શબ્દ મૂળે મરાઠી શબ્દ છે ને તેનો અર્થ થાય છે ડર વિનાનું. ધાસ્ત શબ્દ આગળ વધી ધાસ્તી થાય ને ધાસ્ત મૂળ અરબીનાં 'દહશત' ઉપરથી ઊતર્યો છે. મતલબ કે અર્થ શોધો શું અને હોય શું. એટલે શબ્દકોષમાં તેને સમાવાયો ખરો પણ વ્યુત્પત્તિ નથી આપી. હેમન્તભાઈ આમ કરતાં આપણા શબ્દકોષકારની સમસ્યા, ગૂંચ તરફ પણ સંકેતો કરે છે. આમાં 'માંહી પડ્યા તે મહાદુઃખ પણ માણે.' પણ આ ક્ષેત્રમાં હવે હેમન્ત દવે જેવા છે તેનો આનંદ થવો જોઈએ. જો કે તેઓ જે જે શબ્દોના મૂળની શોધમાં ગયા છે તેમાંના ઘણા અત્યારની પેઢીના વપરાશમાંથી નીકળી ગયાનું પણ અનુભવાશે. નવી પેઢી ભાષા વિશે, શબ્દો પ્રયોજવા વિશે ગંભીર નથી. ગુજરાતીમાં અંગ્રેજી, હિન્દી જ નહીં બીજી ભાષાના શબ્દો અને જે ટેક્નોલોજી, જે વ્યવહાર કરીએ છીએ તેના શબ્દો ઉમેરાતા ગયા છે. આ પુસ્તકમાં જ હેમન્ત દવેનું પ્રાસ્તાવિક વાંચજો. તેમને થયેલા પ્રશ્નોને જાણજો. તેમનો ચકરાવો સમજજો. વળી તેમણે તો મુખ્યત્વે અજાણ્યા મૂળના શબ્દોની ચર્ચા કરી છે. એટલે કે એવા શબ્દો જેની વ્યુત્પત્તિ કોશોમાં નથી. ગુજરાતી વ્યુત્પત્તિઃ ઐતિહાસિક સર્વેક્ષણ' નામનો તેમને 21 પાનાંનો લેખ તો સાચે જ ઐતિહાસિક બને તેવો છે. તેમાં નર્મદથી આરંભી બીજા ઘણાની વાત થઈ છે. પણ તેઓ બીજું ઉમેરે છે તેની પર પણ નજર કરવા જેવી છે. જેમ કે સંસ્કૃતમાંથી ઘણા શબ્દો ઊતર્યા છે પણ સંસ્કૃત શબ્દો મરાઠી કે હિન્દી કે બંગાળીમાં ગયા અને નવું રૂપ ધરી ગુજરાતીમાં આવ્યા. આપણે તો અરબી, ફારસી, પોર્ચ્યુગીઝ અને અન્ય ભાષામાંથી પણ શબ્દ લાવ્યા છીએ એટલે કે આવ્યા તેને પ્રયોજ્યા છે. 'ફલાણું' શબ્દ અરબી 'ફલાં' પરથી નહીં પોર્ચ્યુગીઝ 'ફુલાનુ' પરથી ઊતરી આવ્યો છે પણ પોર્ચ્યુગીઝ' 'ફુલાનુ' પોતે અરબી 'ફલાં' પરથી ઊતરી આવ્યો છે પણ 'બટાટા' પોર્ચ્યુગીઝ' 'બતાત' પરથી આવ્યો છે કારણકે ભારતમાં બટાટા લાવનાર પોર્ચ્યુગીઝો જ હતા. દેશમાં કોનું શાસન આવે અને તે શું પ્રચલિત કરે તેના પરથી પણ શબ્દો ઉમેરાતા હોય છે.

આમાં આપણું કામ નહીં પણ હેમન્ત દવે- સુહાગ દવેના 'શબ્દમૂળની શોધ'માં જો રસ પાડશો તો બહુ મઝા પડશે. આમ તો મઝા પડે એવો વિષય નહીં કહેવાય પણ આપણે જે શબ્દો વાપરતા આવ્યા તે ક્યાંથી આવ્યા તે જાણવાની મઝા છે. તો વાંચજો ને હેમન્ત દવે- સુહાગ દવેને અભિનંદન પાઠવજો. ગુજરાતી સાહિત્ય પરિષદ આવાં પ્રકાશનો કરે છે તે એ સંસ્થાના ગૌરવને વધારે છે.

**અક્ષરની આરાધના**
**સંપાદનઃ બકુલ ટેલર**

## સપનાઓમાં જાગતું શહેર: ઓહહો, ઈતિહાસ છે કે રોચક નવલકથા?

આપણે આપણાં નગરો વિશે બહુ જાણવાનો પ્રયત્ન નથી કરતાં. તે કેવી રીતે રચાયાં, ત્યાં કોણ કોણ વસ્યાં, જે વસ્યાં તેણે નગરમાં કેવાં કેવાં પ્રદાન કર્યા એ વિશે જાણો તો જલસા પડી જાય. દીપક મહેતા 19મી અને 20મી સદીના મુંબઈના અભ્યાસી છે. મુંબઈની જૂની લાયબ્રેરીઓમાં તેઓ વર્ષોથી સમય વિતાવે છે અને તેના પરિણામે 'ચલ મન મુંબઈ નગરી' (2022)માં પુસ્તક પ્રગટ કરેલું. હવે એ શ્રેણીમાં 'સપનાઓમાં જાગતું શહેર' પુસ્તક પ્રગટ કર્યું છે. 388 પૃષ્ઠના આ દળદાર ગ્રંથમાં કુલ 80 લેખો છે. બહુ રસપ્રદ રીતે લખાયેલા આ પુસ્તકમાં મુંબઈ કેવી કેવી રીતે રચાતું ગયું તે સમજાશે. કેવાં કેવાં લોકો કેવાં કામ કરી ગયાં તે જણાશે. આમાં પારસીઓનો મહિમા થવો તો આપોઆપ છે પણ ખાણાવળ, વીશી, હોટેલ, નામરૂપ જૂજવાં', પ્રકરણમાં તમને ત્યાંની હોટલ, વિશીનો ઈતિહાસ મળશે તો ભેળ અને વડાપાઉં કેવી રીતે આવ્યાં ને ફેમસ થયાં તેની ચટાકેદાર માહિતી મળશે. મુંબઈના કોટનો પહેલો દરવાજો ક્યો? ઉત્તર છેઃ એપોલો ગેટ. પણ આજે મુંબઈના કોટની એકાદ ઈંટ પણ જોવા મળતી નથી. આ પુસ્તક જમશેદજી શેઠનીય વાત કરે છે અને જમશેદજી નસરવાનજી તાતાનીય વાત કરે છે. દરેક પ્રકરણ તમને ખૂલ જા સીમ સીમ સમું અનુભવાશે. દીપક મહેતા રસિક સાહિત્યકાર છે એટલે વાતની નાટકીયતા બરાબર પકડી, તેની મહત્તા સ્થાપતા જઈ અત્યંત સંમોહક ભાષામાં લખી શકે છે. આ પુસ્તક વાંચતા વાંચતા તમને થશે મુંબઈ નામના નગરની એક રોચક નવલકથા તમે વાંચી રહ્યાં છો. બધું સાથે જોડતા જશો તો મુંબઈ પર મોહી પડશો. દીપક મહેતા હવે આ શ્રેણીનું ત્રીજું પુસ્તક આપે તો મઝા પડે. ઈતિહાસ હોય પણ આલેખન રસિકતાથી થયું હોય તો વાચનક્ષમ બની જાય. મુંબઈમાં તો સામાન્યજનને રસ પડવો જોઈએ, આ પુસ્તક પાડશે.






**સપનાઓમાં જાગતું શહેર લેખકઃ દીપક મહેતા, પ્રકાશકઃ વિવેક જીતેન્દ્ર દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-380009, કિંમતઃ 550- રૂા.**

## રાજ્યસભામાં ગુજરાત અને ગુજરાતીઓ

આપણે રાજકારણની અને રાજનેતાઓની ચર્ચા જરૂર કરીએ છીએ પણ આ બંને વિશે અભ્યાસ, અધ્યયન નથી કરતા. નાગરિકો નથી કરતા એ તો સમજ્યા, નેતાઓ પણ નથી કરતા. 'રાજ્યસભામાં ગુજરાત અને ગુજરાતીઓ' એક એવું પુસ્તક છે જે અભ્યાસ કરનારાઓને ગમશે અને ગુજરાતમાંથી રાજ્યસભામાં ગયેલા અનેક પ્રતિનિધિ (નેતા) વિશે માહિતી આપશે. બિનીત મોદી તેના લેખક છે. આઝાદી પછી મુંબઈ રાજ્યના 17 સભ્યો, સૌરાષ્ટ્ર-કચ્છ રાજ્યોનું પ્રતિનિધિત્વ કરનાર 7 સભ્યો, બીજાં રાજ્યોમાંથી ચૂંટાયેલા 26 ગુજરાતીઓ અને ગુજરાત રાજ્યના સ્થાપના વર્ષ 1960 થી લઈ 2024 સુધીનાં 100 સભ્યો વિશે આધારભૂત માહિતી આલેખાઈ છે. સંસદના ઉપલાગૃહ રાજ્યસભામાં ગુજરાતમાંથી અનેક એવા નેતા ચૂંટાયા છે જે ગુજરાતી ન હોય. આઝાદી પછી રાજ્યસભાની પ્રથમ બેઠક 1952માં મળી હતી પણ તેનો આરંભ તો 1918થી થયો હતો. અત્યારે (2024થી રૂએ) 233 સભ્યોની ચૂંટણી થાય છે અને 12 સભ્યોની રાષ્ટ્રપતિ નિમણૂક કરે છે (કુલ 245). આમાં કોણ કોણ રાજ્યસભામાં ચૂંટાયા તેની ખૂબ રસપ્રદ માહિતી આ પુસ્તકમાં મળશે. ગુજરાતમાંથી ચૂંટાયેલામાં બાલકૃષ્ણ અડવાણી, પીલુ મોદી, પ્રણવ મુખરજી, અરુણ જેટલી પણ છે અને ઉમાશંકર જોશી, ઈલા ભટ્ટ પણ છે. અહેમદ પટેલ પાંચ વાર અહીંથી જ ચૂંટાયા છે (27 વર્ષ). ઘણી વાર બન્યું છે કે લોકસભાની ચૂંટણી હારી જનારા કે એ ચૂંટણી ન લડનારા નેતાને રાજ્યસભાપદ મળે છે. કેન્દ્રમાં જે સરકાર હોય તે આ બધું નક્કી કરે છે. ફક્ત 120 પૃષ્ઠનું આ પુસ્તક દરેક રાજનેતાઓની અંગત લાયબ્રેરીમાં હોવું જોઈએ. માહિતીસજ્જ રહેવું તેમની જવાબદારી છે.





**પુસ્તકઃ રાજ્યસભામાં ગુજરાત અને ગુજરાતીઓ, લેખક બિનીત મોદી, કિંમતઃ રૂા. 180/- પ્રકાશકઃ સાર્થક પ્રકાશન, મુખ્ય વિક્રેતાઃ બુક શેલ્ફ, 16, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ-380009.**

## રમેશ પારેખનું યાદ આવવું

*રમેશ પારેખને તો સ્વયં કવિતા, ગુજરાતી ભાષા યાદ રાખે છે. એ કવિ છે જ એવા પૂરેપૂરા કવિતા ચડેલા અને પરંપરાની વાત સાથે આધુનિકતાથી મઢેલા. 27 નવેમ્બર 1940માં જન્મેલા રમેશ પારેખને 17 મે 2006ના દિવસે પાછા વાળવાનું થયું. ગુજરાતી કવિતા જેમનામાં ડાળે ડાળે મ્હોરી હોય એવા રમેશ પારેખનાં ગીતો દરેક સુગમ સંગીતકારોએ સ્વરોમાં મઢ્યા ને ગાયાં. વિશિષ્ટ લાવણ્યથી મંડિત અફલાતુન ગીતો, લોકબોલીનાં લહેકાનો વિનિયોગ ક્યાંથી ક્યાં જઇ મનમાં વસી જતી કલ્પનાઓથી સભર રમેશ પારેખ ગુજરાતી કવિતાની વસંત છે. 'વિતાન સુદ બીજ માટે સાહિત્ય અકાદમી-દિલ્હીનો અને તે પછી નરસિંહ મહેતા એવોર્ડથી સન્માનિત 2 પાનાં સમગ્ર કાવ્યોનો સંગ્રહ ઉપલબ્ધ છે. આ મનપાંચમના મેળામાં સૌ જાત લઇને આવ્યા છે નાં આ કવિ પૂછે છે 'દરિયામાં હોય એને મોતી કહેવાય, તો આંખોમાં હોય તેને શું? અમે પૂછ્યું, લે બોલ હવે?*

* * * * * * * * * * * * * * * * * * *

### તારું પ્હેલા વરસાદ સમું આવવું

ફાગણની ઝાળઝાળ સુક્કી વેળામાં તારું પ્હેલા વરસાદ સમું આવવું.
*હવે આંખોને કેમ રે ભુલાવવું.*
*બળતે બપ્પોર ભીનો પગરવ સુણીને*
*કાંઈ વાસ્યાં કમાડ અમે ખોલ્યાં*
*ચારે આંખોનાં એવાં અંધાર્યાં વાદળાં*
*કે શમણે આવેલ મોર બોલ્યા*
ઓચિંતા ધોધમાર સામસામે આપણે ઊભાં રહ્યાંનું પૂર આવવું.

*ફળિયે પલાશફૂલ નીતરતું ઝાડ*
*અને હું રે વેરાઈ જઉં રાનમાં*
*મારી હથેલીમાંય એવી રેખાઓ*
*જેવી રેખા છે ખાખરાના પાનમાં*
લીંબોળી વાવીને છાંયડા ઊછેરું પણ ચોમાસું કેમ કરી વાવવું

ફાગણની ઝાળઝાળ બળતી વેળામાં તારું પ્હેલા વરસાદ સમું આવવું
હવે આંખોને કેમ રે ભુલાવવું.

### તમને ફૂલ દીધાનું યાદ

ધીમે ધીમે ઢાળ ઊતરતી ટેકરીઓની સાખે તમને ફૂલ દીધાનું યાદ
સળસળ વહેતી કેડસમાણી લીલોતરીમાં તરતા ખેતર શેઢે, સોનલ....

અમે તમારી ટગરફૂલ-શી આંખે ઝૂલ્યા ટગર ટગર તે યાદ
અમારી બરછટ બરછટ હથેલીઓને તમે ટેરવાં ભરી કેટલી વાર પીધાનું યાદ
ધીમે ધીમે ઢાળ ઊતરતી ટેકરીઓની સાખે તમને ફૂલ દીધાનું યાદ

અડખેપડખેના ખેતરમાં ચાસ પાડતાં હળ મારી આંખોમાં ફરતાં
એકલદોકલ કોઈ ઊછળતું સસલું દોડી જતાં ઝાંખરાં પરથી પર્ણો ખરતાં
તરે પવનના લયમાં સમળી તેના છાયા છૂટાછવાયા ફાળ ઘાસમાં ભરતા
ડાળ ઉપર ટાંગેલી ઠીબનું નાનું સરખું બપોર ઊડી એકસામટું
પાંખ વીંઝતું હવા જેવડું થાય
ડાળ ઉપર ટાંગેલી ઠીબમાં સવાર પીતું નીલરંગનું પંખી જોઈ
ઝાડ ભૂલ્યાનું યાદ

ધીમે ધીમે ઢાળ ઊતરતી ટેકરીઓની સાખે તમને ફૂલ દીધાનું યાદ

## હું પૂછું, તમે કહો

**(1) ગુજરાતી ભાષાની પ્રથમ મૌલિક નવલકથા 'કરણઘેલો'ના લેખક કોણ હતા?**
(ક) ગોવર્ધનરામ ત્રિપાઠી (ખ) વીનેશ અંતાણી
(ગ) નંદશંકર મહેતા (ઘ) કનૈયાલાલ મુનશી.

**(2) 'જય જય ગરવી ગુજરાત' કવિતાની રચના કોણે કરેલી?**
(ક) નર્મદ (ખ) જયંત પાઠક
(ગ) વેણીલાલ પુરોહિત (ઘ) પૂજાલાલ

**(3) તારક મહેતાની આત્મકથાનું નામ શું છે?**
(ક) એવા રે અમે એવા (ખ) મારી હકીકત
(ગ) એક્શન રિપ્લે (ઘ) સત્યના પ્રયોગો.

**(4) નીચે જેમનાં નામ અપાયાં છે તેમાંથી કોને જ્ઞાનપીઠ પુરસ્કાર નથી મળ્યો?**
(ક) પન્નાલાલ પટેલ (ખ) રાજેન્દ્ર શાહ
(ગ) રઘુવીર ચૌધરી (ઘ) સુન્દરમ્.

**(5) ગુજરાતી સાહિત્ય પરિષદના સ્થાપક કોણ હતા?**
(ક) રણજીતરામ મહેતા (ખ) ભગવતીકુમાર શર્મા
(ગ) ગાંધીજી (ઘ) કાકાસાહેબ કાલેલકર.

**જવાબો**
(૧) ગ- નંદશંકર મહેતા (૨) ક- નર્મદ (૩) ગ- એક્શન રિપ્લે
(૪) ખ- રાજેન્દ્ર શાહ (૫) ક- રણજીતરામ મહેતા

## નિરંજન ભગતનું જન્મશતાબ્દી વર્ષ

નિરંજન ભગત જેવા કવિ, વિવેચક, અનુવાદક, સંપાદકનું આ જન્મશતાબ્દી વર્ષ છે. 18 મે 1926માં તેઓ જન્મ્યા હતા. 1950થી 1975 સુધી અમદાવાદની વિવિધ કોલેજમાં અંગ્રેજીના અધ્યાપક રહેલા નિરંજન ભગત 'છંદોલય' (1947)થી જાણીતા થયા. ગુજરાતી કવિતાનો નવો વળાંક તેમની કવિતાથી આવ્યાનું સહુ નોંધે છે. મુંબઈ વિશેનાં કાવ્યોનો 'પ્રવાલદ્વીપ' ગુચ્છ મુંબઈ અને એ નગરમાં જીવનારાંને વિલક્ષણ રીતે કાવ્યમાં નિરૂપે છે. વિદેશનાં અનેક કવિઓના અભ્યાસી નિરંજનભાઈ સાહિત્ય અકાદમી, સચ્ચિદાનંદ સન્માન, નર્મદ સુવર્ણચંદ્રક અને નરસિંહ મહેતા પુરસ્કાર જેવાં અનેક સન્માન પામ્યા. નિરંજન ભગતનાં વિવેચન, નિબંધનાં પુસ્તકો પણ આગવી નિરીક્ષાથી વિશિષ્ટ બન્યાં છે. નિરંજન ભગતની જન્મશતાબ્દી જોઈએ તેવી ઉજવાઈ નથી તેનો અફસોસ થવો ઘટે. આજના સાહિત્યિક વાતાવરણનો દોષ ગણીશું? કદાચ. પણ નિરંજન ભગત સાથે ઉમાશંકર જોશી, રાજેન્દ્ર શાહ, ઉશનસ્ સમા અનેક કવિઓ યાદ આવે. તેઓ હતા તો આપણે સહુ સમૃદ્ધ હતા.

## વચન

જો તમે ખરાબમાં ખરાબ કામ કરો, પરંતુ જો તમે તેની પર પરદો નાંખી શકો છો તો તમે સભ્ય છો, સજ્જન છો, જેન્ટલમેન છો. જો તમારામાં આ આવડત નથી તો તમે અસભ્ય છો, ગામડિયા છો, બદમાશ છો. આ જ સભ્યતાનું રહસ્ય છે.
**- પ્રેમચંદ**



જ્યારે હૃદય અને આત્મા વધારે બોજ ઉપાડી નહીં શકે, ત્યારે ફેફસાં અડધો બોજો ઉપાડી લે છે.
**- ફ્રાંઝ કાફકા**

મોટાની અલ્પતા જોઈ થાકયો, નાનાની મોટાઇ જોઈ જીવું છું.
**- ઉમાશંકર જોશી**

આપણા સૌની ભીતર એક પશુ વસે છે. માટે જરૂરી છે કે ભીતરના પશુને આપણે શરૂથી જ યોગ્ય રીતે કેળવીએ અને કાયમ માટે આપણા અંકુશ હેઠળ રાખીએ.
**- ચેખોવ**



મનુષ્યની યોનિ એ માટે દુર્લભ હોય છે કે આપણામાં સ્વતંત્ર વિવેકના આધારે આચરણ કરવાની ક્ષમતા છે. મનુષ્ય અન્ય જીવ જંતુઓથી એ માટે બહેતર નથી કે તેનામાં બુદ્ધિ છે, તેનામાં શક્તિ છે, બાહુબળ છે. તે અન્ય પ્રાણીઓથી એ માટે બહેતર છે કે તેનામાં આત્મ-ચેતના છે, આત્મબોધ છે, જે અન્ય જીવોમાં નથી.
**- નિર્મલ વર્મા**

## ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### આફત ને અવસરમાં ફેરવો

તાજેતરમાં ગુજરાતમાં હમણાં જ ધોરણ 10 અને 12 ના પરિણામો જાહેર થયા એમાં કેટલા વિદ્યાર્થીઓ નાપાસ પણ થયા હશે અને હતાશ પણ થયા હશે. પણ હતાશ થયા વગર આશા,ઉત્સાહ રાખી કરી અથાગ પ્રયત્ન કરવામાં આવે તો જરૂર સફળતા મળી શકે. ભાવનગરના ડોક્ટર ગણેશ બારૈયા ની શૈક્ષણિક સંઘર્ષ ગાથા, અભ્યાસ કરતા ગુજરાતના યુવાનો માટે દીવાદાંડી સમાન છે.યુવા પેઢી ને એક અલગ સંદેશ આપે છે. ડોક્ટર ગણેશ ની હાઈટ ત્રણ ફૂટ હોવાને કારણે મેડિકલ અભ્યાસ માટે એડમિશન નહોતું મળ્યું એટલે સુપ્રીમ કોર્ટ સુધી ફાઈટ કરીને ડોક્ટર બન્યા છે. એના હાલમાં ભાવનગર સિવિલ હોસ્પિટલમાં તબિબ તરીકે કાર્યરત છે. ડોક્ટર ગણેશ બારૈયા ને તાજેતર માં ગુજરાતના આરોગ્ય પ્રદાન પ્રફુલ પાનસુરીયા એ ભાવસભર સન્માન કર્યું. યુવા પેઢીને સંદેશ આપતા મંત્રીશ્રીએ કહ્યું કે જીવનમાં કોઈ પણ નિષ્ફળતાથી ડરશો નહીં. ડોક્ટર ગણેશ જેવા લડવૈયા બનો.નિષ્ફળતામાં હતાસ થયા વિના અથાગ મહેનત કરીને ફરી બેઠા થવું એ જ સાચું જીવન છે. મેડિકલ એન્જિનિયરિંગ સહિતના અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ નિષ્ફળતાથી ગભરાવાની જરૂર નથી માત્ર ડોક્ટર કેન્જિનિયર બનવું એ સફળતા નથી પણ તમારામાં રહેલો માનવી અભિગમ જ તમને શ્રેષ્ઠ બનાવે છે. ડોક્ટર ગણેશ કહે છે કે મને મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા એ રિજેક્ટ કર્યો હતો પરંતુ હતાસ થયા વિના સુપ્રીમ કોર્ટ સુધી લડત આપીને ડોક્ટરની પદવી મેળવી છે. ચાલો શિક્ષણમાં ખૂબ જ મહેનત કરીને આફતને અવસરમાં ફેરવીએ.
**સુરત - યોગેન્દ્ર પટેલ**

### ભ્રષ્ટાચારના આરોપોથી સત્તાના શિખર સુધી

જ્યારે ભ્રષ્ટાચારના આરોપો, સ્ટિંગ ઓપરેશન, તપાસ એજન્સીઓની કાર્યવાહી અને જાહેર જીવનમાં પારદર્શિતાના પ્રશ્નો વારંવાર રાજકીય ચર્ચાના કેન્દ્રમાં આવે છે, ત્યારે સામાન્ય નાગરિકના મનમાં સ્વાભાવિક રીતે શંકા ઊભી થાય છે કે શું કાયદાનો અમલ સૌ માટે સમાન છે કે નહીં? જો જનજીવનને અસર કરનારા ઉચ્ચ હોદ્દાવાળા લોકો સામે ગંભીર પ્રશ્નો હોવા છતાં રાજકીય પ્રોત્સાહન મળે, તો જનતા વચ્ચે ખોટો સંદેશ જાય છે કે સત્તા એક પ્રકારની ઢાલ બની શકે છે. આવી પરિસ્થિતિઓના સમાજ પર ગંભીર પ્રભાવ પડે છેઃ જ્યારે જાહેર જીવનમાં પ્રશ્નચિહ્ન ધરાવતા લોકો ઊંચા હોદ્દા પર પહોંચે, ત્યારે સામાન્ય માણસમાં એ માન્યતા બળવાન બને છે કે સફળતા માટે ઈમાનદારી કરતાં રાજકીય શક્તિ વધુ મહત્વની છે. લોકોમાં એવી ભાવના ઊભી થાય છે કે કાયદો માત્ર નબળા માટે છે, શક્તિશાળી માટે નહીં. આ લોકશાહી માટે અત્યંત જોખમી માનસિકતા છે. જનતનો વિશ્વાસ લોકશાહીનું સૌથી મોટું બળ છે. જો આ વિશ્વાસ નબળો પડે, તો આખી લોકશાહી વ્યવસ્થાની વિશ્વસનીયતા પર અસર થાય છે. ભારતમાં કાયદો, પારદર્શિતા અને નૈતિક જવાબદારી દરેક માટે સમાન હોવી જોઈએ. એક સશક્ત લોકશાહી માટે જરૂરી છે કે આરોપો હોય તો નિષ્પક્ષ તપાસ થાય, સત્ય બહાર આવે અને જાહેર વિશ્વાસ જળવાઈ રહે. પ્રશ્ન માત્ર રાજકારણનો નથી– પ્રશ્ન દેશના નૈતિક ભવિષ્યનો છે.
**સુરત - આશિષ ટેલર**

### નાપાસ થવાનું મુશ્કેલ?

બોર્ડના પરિણામ જાહેર થયા બાદ પોતાની શાળાનું એકસો ટકા 100% પરિણામ આવ્યું તે માટેના ગૌરવના સમાચાર પણ અખબારમાં પ્રસિદ્ધ થતા રહે છે. રીઝલ્ટના સમાચાર જાણીને હવે એવું લાગે છે કે બોર્ડની પરીક્ષામાં નાપાસ થવા માટે મહેનત કરવી પડશે. બોર્ડની પરીક્ષાનો ડર નહીં હોય એ આમ તો સારી વાત છે પરંતુ શિક્ષણમાં ગુણવત્તા સાથે સમાધાન થઈ રહ્યું હોય એવું લાગે છે. માસ પ્રોડક્શન થતું હોય ત્યારે ક્વોલિટી નહીં જળવાઈ એ ખૂબ સ્વાભાવિક વાત છે. માર્ક્સ નું ગ્રેસિંગ, પૂરક પરીક્ષા , સતત મૂલ્યાંકન ને કારણે પરીક્ષા અને પરિણામ હવે સ્ટુડન્ટ્સ ફ્રેન્ડલી બની ગયા હોય એમ લાગે છે. જો આ જ રીતે નાપાસ થવાનું મુશ્કેલ થતું જશે તો સ્પર્ધા જેવું તત્વ રહેશે જ નહીં. એટલું જ નહીં ગુણવત્તા સાથે પણ ખૂબ મોટું સમાધાન થયેલું ગણાશે. આમ પણ આપણા દેશમાં શિક્ષિત બેકારોની ફોજ વધતી જ જાય છે એમાં ઉમેરો થતો રહેશે. પરીક્ષાના પરિણામોની ટકાવારી એ જો ફક્ત આંકડા જ હશે તો ભવિષ્યમાં એની ખૂબ મોટી કિંમત ચૂકવવી પડશે. શાળાઓ વિદ્યાર્થીમાં જીવન કૌશલ્યો ડેવલપ થાય એના પર ભાર આપવાને બદલે જાણે પરિણામ અને ટકાવારી ઉપર જ ભાર આપવામાં આવી રહ્યો છે. શિક્ષકોની મોટે પાયે ઘટ હોવા છતાં આટલું બધું પરિણામ કઈ રીતે આવે છે એ પણ પ્રશ્નાર્થ છે. શિક્ષણમાં કડકાઈ ઘટી રહી હોય એવો વહેમ પડે છે.
**નવસારી - ડૉ. જે. એમ. નાયક**

### સરકારી અને બિનસરકારી વેતનમાં આભડછેટ કેમ?

સરકારી નોકરી, કામ કરો કે નહિ કરો, વેઠ ઉતારો કે નહિ. તમોને ફિક્સ વેતન રજાના પગાર સાથે મળે. ખાનગી નોકરીમાં 8 થી 10 કલાક મજૂરી કરવાની, માંદગીનો પગાર કાપી લેવામાં આવે, વિદેશોમાં સરકારી બિનસરકારી કર્મચારીઓને એકસરખો પગાર, કામના કલાકો એક સરખા, હકની રજાનું પણ વેતન મળે.
**સુરત - અનિલ શાહ**

### નાના ખભા પર દેશભક્તિનો વિશાળ સંકલ્પ

જ્યારે સૈનિકો દિવસ-રાત દેશની સરહદોની રક્ષા કરે છે, ત્યારે આખો દેશ તેમના હિંમત અને બલિદાન પર આધાર રાખીને શાંતિથી જીવે છે. પરંતુ ક્યારેક આ જ માટીમાંથી કિંમતી રત્નો જન્મે છે, જેમણે નાની ઉંમરે રાષ્ટ્ર સેવાનું એવું ઉદાહરણ સ્થાપિત કર્યું છે કે આખો દેશ ગર્વથી ભરાઈ જાય છે. પંજાબના ફિરોઝપુર જિલ્લાના ચક તારા વાલી ગામનો ૧૧ વર્ષનો શ્રવણ સિંહ એક એવો અસાધારણ બાળક છે, જેની દેશભક્તિ અને સમર્પણે લાખો ભારતીયોના દિલ જીતી લીધા છે. એવી ઉંમરે જ્યારે બાળકો ઘણીવાર રમકડાં અને રમતોમાં મગ્ન હોય છે, ત્યારે શ્રવણ સિંહે ભારતીય સેનાના સૈનિકોની સેવા કરવા માટે પોતાને સમર્પિત કરી દીધા. તેમનું દરેક પગલું દેશભક્તિની પવિત્ર ભાવનાથી પ્રેરિત હતું જે સામાન્ય બાળકમાં નહીં, પરંતુ ફક્ત એક અસાધારણ આત્મામાં જોવા મળે છે. ઓપરેશન સિંદૂર દરમિયાન, જ્યારે ભારતીય સેના સરહદ પર સતર્કતાથી ઉભી હતી, ત્યારે શ્રવણ સિંહ, ડર કે ખચકાટ વિના, સૈનિકો સુધી પહોંચતા રહ્યા. સવારે, તેઓ ચા પીતા અને ખેતરો અને ધૂળિયા રસ્તાઓ પર ચાલીને આર્મી કેમ્પ જતા. બપોરની ગરમીમાં, તે દેશની રક્ષામાં રોકાયેલા સૈનિકો માટે બરફ લાવતો, તેમને થોડી રાહત આપતો. સાંજે, તે દૂધ અને લસ્સી લઈને છાવણીમાં પાછો ફરતો. તેના હૃદયમાં ન તો ડર હતો કે ન તો સ્વાર્થ. તેના મનમાં એક જ લાગણી હતીઃ દેશના બહાદુર સૈનિકોની સેવા કરવી. આ લાગણી કોઈ પુસ્તકમાંથી આવતી નથી; તે દેશભક્તિની આગ છે જે આત્મામાં જન્મે છે. જ્યારે" "શ્રવણ સિંહ સૈનિકોની વચ્ચે ફરતો, ત્યારે તે તેમની સાથે ગર્વથી ચાલતો, તેમની બંદૂક હાથમાં લઈને કહેતો, "હું પણ મોટો થઈને સૈનિક બનીશ." આ ફક્ત એક નિર્દોષ ઈચ્છા નહોતી; તે છોકરાના હૃદયમાં દેશભક્તિની જ્વાળા સળગતી હતી. તેની આંખોમાં લશ્કરી ગણવેશ માટેનો આદર દર્શાવે છે કે ભારતની નવી પેઢીમાં દેશભક્તિની ભાવના કેટલી ઊંડી છે. શ્રવણમાં દેખાતો દેશ માટે કંઈક કરવાનો જુસ્સો ખરેખર લાખો યુવાનો માટે પ્રેરણારૂપ છે.
**સુરત - કાંતિલાલ માંડોત**

### શું જોઈએ છે?

મનુષ્યનું સમગ્ર જીવન એ ચાવી અપાયેલ રમકડાંની માફક પસાર થઈ જતું હોય છે. સવાર પડે ને રુટિન કાર્યમાં વ્યસ્ત થઈ જવું, બીજે દિવસે વળી પાછું એ જ પુનરાવર્તન. પરંતુ, મનુષ્યના અંતરાત્માએ ઘડીક થંભી જઈ સ્વયંને પ્રશ્ન કરવો જોઈએ કે, જીવનની વ્યસ્તતાને અંતે આખરે મારે જોઈએ છે શું? શું મેળવવા અને ક્યાં જવા માટેની મારી આ રોજની દોટ છે? જો આ પ્રશ્નોના ઉત્તરનું ચિંતન શરૂ થાય તો નિશ્ચિત માનજો કે જીવનની દિશા પરિવર્તિત થયા વિના રહેશે નહિ!
**સુરત - દિપ્તી ટેલર**